ટેન્ડર નોટિસ

જીલ્લા કોર્ટ સંકુલ, નડીઆદ ખાતે કેન્ટીન ચલાવવાનો કોન્ટ્રાકટ આપવા બાબત

નંબર. એ/સી.343 સને 2025

જીલ્લા અને સત્ર ન્યાયાલય, ખેડા મુકામ નડીઆદ, ખાતે નવિન કોર્ટ બિલ્ડીંગ તા. 28.01.2025 ના રોજ કાર્યરત થયેલ છે. જેમાં ભોંયતળીયે રુમ નં. 14 કેન્ટીન સ્થિત છે જે ચલાવવા સારુ આ જાહેર નિવીદા આપવામાં આવે છે.

સદરહુ કેન્ટીન ચલાવવા અર્થે જરુરી લાઈસન્સ ધરાવનાર, કેન્ટીન/કેટરિંગની સેવાઓ માં ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ ધરાવનાર અને નડીઆદ કે તેની આજુબાજુ ના જીલ્લા મથકોમાં શહેરી વિસ્તારમાં નોંધાયેલ શાખાઓ કે ઓફીસ ધરાવતી નામાંકિત એજન્સીઓ પાસેથી જીલ્લા કોર્ટ સંકુલ નડીઆદ ખાતે કેન્ટીન ચલાવવા માટે કરાર આધારિત 11 માસ અને 29 દિવસનો સમયગાળા માટે સીલબંધ ટેન્ડરો આથી મંગાવવામાં આવે છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટ અને સરકારશ્રી ની માર્ગદર્શિકા મુજબ, કેન્ટીન ચલાવવા અંગે આપવાનો થતો કોન્ટ્રેકટ અંગે મહિલાઓ ધ્વારા ચલાવવામાં આવતી રજીસ્ટર્ડ બિન-સરકારી સંસ્થાઓ જેવી કે **"SEWA"** (એન.જી.ઓ./સખી મંડળો) ધ્વારા કેન્ટીન સબંધે સંચાલિત સ્વ-સહાય ગ્રુહઉધ્યોગોને અનુભવના આધારે અગ્રતા ક્રમ આપવામાં આવશે.

ટેન્ડર ભરનાર એજન્સીનાઓએ પોતાના કામની પ્રકૃતિ અને કરારના નિયમો અને શરતો ધરાવનારનાઓએ તમામ દસ્તાવેજો સાથે ઓફીસ સમય

...2/-

દરમ્યાન અત્રે જીલ્લા ન્યાયાલય ની નાઝીર શાખા, (ભોંયતળીયે રુમ નંબર-05), નડીઆદ મુકામે ભરી આપવાનો રહેશે. આ અંગે જરુરી ફોર્મસ તથા શરતો અને કરારના નિયમો જીલ્લા ન્યાયાલય, નડીઆદની વેબસાઈટ (kheda.dcourts.gov.in) પરથી ડાઉનલોડ કરી ટેન્ડર નિયમ મુજબ ભરી જમા કરાવવાના રહેશે.

ટેન્ડર ફી (નોન રીફંડેબલ) સાથે રજુ કરવાના સંબંધિત સહાયક દસ્તાવેજો સાથે યોગ્ય રીતે ભરેલા ટેન્ડર દસ્તાવેજો તા.**18.03.2025** સુધીમાં કે તે પહેલા **"મુખ્ય જીલ્લા ન્યાયાધીશ, ખેડા મુકામ નડીઆદના" નામનો રુ. 500/- (અંકે રુપીયા પાંચસો પુરા) નો ડીમાન્ડ ડ્રાફ્ટ** ટેન્ડર સાથે **જીલ્લા ન્યાયાલય ની નાઝીર શાખા, (ભોંયતળીયે રુમ નંબર-05), નડીઆદ** ખાતે ફકત આર.પી.એડી./કુરીયર દ્વારા જમા કરાવવાનો રહેશે. રુબરુમાં ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી જેની નોંધ લેવી. **ટેન્ડર કવર ઉપર સ્પષ્ટપણે "કેન્ટીન માટેનું ટેન્ડર" એવું ફરજીયાતપણે લખવાનું રહેશે.**

ટેન્ડર ભરનાર તમામ એજન્સીઓના ટેન્ડર સીલબંધ કવરમાં સાધનિક દસ્તાવેજો સાથે નાઝીર શાખામાં નિયત સમયમર્યાદામાં જમા થયેલ છે તે સીલબંધ કવર ઓફીસ તરફથી ટેન્ડર ખોલવાની તારીખ નક્કી કર્યેથી ટેન્ડર ભરનાર તમામ એજન્સીઓના ટેન્ડર ખોલવા અંગેની તારીખ અને સમય ઈમેલ ના માધ્યમથી અગાઉથી જણાવવામાં આવશે. તમામ ટેન્ડર ભરનારે પોતાનું ઈમેલ આઈડી આપવું આથી ફરજીયાત છે. તે સમયે તમામ ટેન્ડર્સ ભરનાર

...3/-

અજન્સીઓ ની હાજરીમાં અત્રેની કચેરીએથી નિમાયેલ કેન્ટીન કમિટીના અધિકારીઓ ધ્વારા ટેન્ડરો ખોલવામાં આવશે અને તેની સ્વિકૃતિ કે અસ્વીકાર અંગે કમિટી ધ્વારા નિર્ણય કરવામાં આવશે જે કમિટીનો નિર્ણય આખરી ગણાશે જે તમામ એજન્સીઓ અને ટેન્ડર્સનાઓને બંધનકર્તા રહેશે.

(એન.એ.એંજારીઆ)
મુખ્ય જીલ્લા ન્યાયાધીશ,
ખેડા મુકામ નડીઆદ.

જીલ્લા ન્યાયાલય,
ખેડા મુકામ નડીઆદ
તા.૦૬.03.2025

List of Menu/food items to be served/provided in canteen

(to be filled by the contractor/bidder/agency)

Sr. No.	Menu/item	Quantity	Rate (Inc. all taxes)
1.	Tea		
2.	Coffee		
3.	Milk-Bournvita		
4.	Juice / Milkshake		
5.	Batata Pauva		
6.	Sandwich (Bread, Butter, Chatni, Alu mutter		
7.	Sandwich (Cheese, Butter and Jam)		
8.	Puff		
9.	Samosa (Big)		
10.	Samosa (Small)		
11.	Vada Pav		
12.	Dabeli		
13.	Kachori		
14.	Cutlets		
15.	Bread Pakoda		
16.	Mix Bhajiya		
17.	Buf Vada		
18.	Methi na Gota		
19.	Batata Vada		
20.	Dalvada		
21.	Khaman		
22.	Sev-Khamani		
23.	Dhokla		
24.	Patra		
25.	Ganthiya		
26.	Fafda		
27.	Papdi		
28.	Fulvadi		
29.	Khakhra		
30.	Burger		
31.	Hot Dog		
32.	Pizza		
33.	Sada Dhosa		
34.	Masala Dhosa		
35.	Uttapam		
36.	Idali Sambhar		
37.	Vasa Sambhar		
38.	Masala Idali		
39.	Pav-Bhaji		
40.	Sev-usal		
41.	Bhel		
42.	Puri-Sabji		

43.	Lunch - Gujarati (Limited)		
44.	Lunch - Gujarati (Full)		
45.	Lunch - Punjabi (Limited)		
46.	Lunch - Punjabi (Full)		
47.	Dahi/Curd		
48.	Chhash		
49.	Lassi		
50.	Standard Company products / packed items like Cold drinks, Mineral Water Bottle, Wafers, Biscuits, Chocolates, etc.		As per MRP

I/we have read and understood all the terms & conditions of this tender and I/we agree to the same. As an acknowledgement to this, I/we have signed at the bottom of each page of this tender document voluntarily, in my/our complete consciousness and without any pressure.

Date :
Place :

Signature of the Bidder/Contractor

કેન્ટીન કોન્ટ્રાકટની સેવા પુરી પાડવા અંગેનુ પુર્વ લાયકાત ફોર્મ

ક્રમ	વિગત	Yes/No	વિગત
૧.	એજન્સીનું નામ		
	સરનામું		
	કોન્ટેક નંબર		
૨	માસીક લાયસન્સ ફી		
૩	**ટેન્ડર ફીની વિગતઃ ૫૦૦/–**		
	ડીમાન્ડ ડ્રાફટ નંબરઃ–		
	ડીમાન્ડ ડ્રાફટ ની તારીખઃ–		
	બેંક નુ નામ અને બ્રાંચની વિગત		
૪	**FSSAI** નું લાઈસન્સ નંબર તથા ફુડ અને ડ્રગ્સનુ સેફટી લાયસન્સની સ્વપ્રમાણિત નકલ		
૫	વ્યવસાય રજીસ્ટ્રેશન નંબર સ્વપ્રમાણિત નકલ		
૬	વ્યવસાયમાં જોડાયાનું વર્ષ		
૭	જી.એસ.ટી. રજીસ્ટ્રેશન નંબરની સ્વપ્રમાણિત નકલ		
૮	સંસ્થાના પાનકાર્ડની સ્વપ્રમાણિત નકલ		
૯	અનુભવના પ્રમાણપત્રો (સરકારી/અર્ધસરકારી/જાહેર સાહસ/બેંક/ હોસ્પિટલ/ સહકારી સંસ્થા/ઔધોગિક કંપની/હોટલ ઈત્યાદિ		

ક્રમ	સંસ્થા / કંપનીનુ નામ, સરનામુ, ટેલીફોન નંબર / મોબાઈલ નંબર	કરારનો સમય કયાંથી કયાં સુધી?	માસીક કરારની રકમ
૧૦	પુર્વ ઈતિહાસ સ્વચ્છ છે? નાણાકીય સંસ્થાના ડીફોલ્ટર નથી અને પોલીસ – કોર્ટ કેસ થયેલ નથી તે બાબતનુ બાંહેધરી પત્રક આપવુ.		

નોધઃ સંસ્થા દ્વારા ઉપરોકત જણાવેલ માહીતી મુજબના દસ્તાવેજી પુરાવાઓ ની ખરી / સ્વપ્રમાણિત નકલ કોન્ટ્રાકટ મેળવવા માટેની અરજી (નામદાર ખુખ્ય જીલ્લા ન્યાયાધિશ સાહેબશ્રી, જીલ્લા અદાલત, નડીયાદઓને ઉદ્દેશીને લખેલી) સાથે રૂમ નં.૫, ગ્રાઉન્ડ ફલોર, જીલ્લા ન્યાયાલય, નડીયાદ, જી.ખેડા ને તા.૧૮.૦૩.૨૦૨૫ કે તે પહેલા ટપાલ/કુરીયર મારફતે મોકલી આપવુ.

જીલ્લા ન્યાયાલય સંકુલ,નડીઆદ ખાતે કેન્ટીન ચલાવવા માટેના નિયમો અને શરતો

1. ટેન્ડર સાથે રજુ થયેલ સેવાઓ સબંધિત ઓફરો અંગે અત્રેની કચેરીથી નિમાયેલ કેન્ટીન કમીટી ધ્વારા નક્કી કરવામાં આવશે.
2. ટેન્ડર બિડ/કોન્ટ્રાકટરનાઓની નડીઆદ મુકામે ઓફીસ કે શાખા હોવી જોઈએ તે અંગે જરુરી દસ્તાવેજી પુરાવા રજુ કરવાની જવાબદારી બિડ/કોન્ટ્રાકટરના ઓની રહેશે.
3. કેન્ટીન કમીટીના અભિપ્રાય મુજબ, વ્યાજબી ભાવે સારી ગુણવત્તાની ખાધ્ય ચીજવસ્તુઓની શ્રેષ્ઠ સેવાઓ અને ગુણવત્તા અંગે ટેન્ડર બિડધારકનાઓની સેવા ઓફર સ્વીકારવા અંગે કેન્ટીન કમીટીનો આખરી નિર્ણય રહેશે.
4. કેન્ટીન કોન્ટ્રેકટ અંગે, મહિલાઓ ધ્વારા ચલાવવામાં આવતી રજીસ્ટર્ડ બિન-સરકારી સંસ્થાઓ (એન.જી.ઓ./સખી મંડળો) અથવા મહિલાઓ ધ્વારા સંચાલિત સંસ્થાઓ જેવી કે,"**Sewa"** સ્વ-સહાય જુથોને પ્રાધાન્ય આપવામાં આવશે.
5. જરુરી ટેન્ડર ફી વિના પ્રાપ્ત થયેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી તેમજ ગણવામાં આવશે નહી.
6. સીકયોરીટી ડિપોઝીટની રકમ રુ. 25,000/- (અંકે રુપીયા પચીસ હજાર પુરા) હશે. જે રકમ સફળ બિડર/લાઈસન્સધારક ધ્વારા કોન્ટ્રાકટ મળ્યાના દિન સાત (07) ની અંદર નાઝીર શાખા, જીલ્લા ન્યાયાલય, નડીઆદમાં જમા કરવાના રહેશે.
7. લાઈસન્સધારકે માસિક ભાડાપેટે(લાઈસન્સ ફી) રુ. 3,000/- (અંકે રુપિયા ત્રણ હજાર પુરા) ચુકવવાના રહેશે. વધુમાં આ માસિક ભાડાપેટે (લાઈસન્સ ફી) ની રકમ અને કેન્ટીન ચલાવવાનો કોન્ટ્રાકટ આપવાના અન્ય નિયમો અને શરતોની નામદાર ગુજરાત હાઈકોર્ટની તા. 21.04.2023 ની ગાઈડલાઈન મુજબ દર ત્રણ(03) વર્ષે જો જરુરી હોય તો સમીક્ષા કરવામાં આવશે.

...2/-

8. લાઈસન્સધારકે માસિક લાઈસન્સ ફી જીલ્લા ન્યાયાલય, નડીઆદને દર કેલેન્ડર મહિનાની 5મી તારીખ અથવા તે અગાઉ ચુકવવાની રહેશે જો ઉપયુક્ત માસિક લાઈસન્સ ફી અથવા તેના કોઈ ભાગ વણચુકવાયેલ રહેશે અને ચુકવવાની તારીખથી 60 દિવસ ના સમયગાળા દરમ્યાન વણચુકવાયેલ રહેશે તો જીલ્લા ન્યાયાલય, નડીઆદનાઓએ એ અંગે કોન્ટ્રાકટર/લાઈસન્સ ધારકને કોઈપણ અગાઉથી નોટિસ આપ્યા વિના કરાર ભંગ ગણી કરાર સમાપ્ત(પુર્ણ) કરવાનો અધિકાર રહેશે અને જમા થયેલ સીકયુરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરવાનો રહેશે.
9. કરારનો સમયગાળો કરારની તારીખથી 11 માસ અને 29 દિન નો રહેશે.
10. મુખ્ય જીલ્લા ન્યાયાધીશ, નડીઆદનાઓ પાસે કરારની મુદત પુરી થાય તે પહેલા સમાન નિયમો અને શરતો મુજબ 11 માસ અને 29 દિન ના વધુ સમયગાળા માટે કરાર રિન્યુ કરવાની સત્તા રહેશે.
11. કોન્ટ્રાકટર/લાઈસન્સધરાકે કેન્ટીન કમીટી ધ્વારા મંજુર કરવામાં આવેલ તમામ ખાદ્ય ચીજવસ્તુઓ અને ખાદ્ય પદાર્થો જેવી કે ચા, કોફી, પીણા વિગેરે સારી ગુણવત્તાવાળા વ્યાજબી દરે પ્રદાન કરવા જોઈશે તેમજ કેન્ટીનમાં પીરસવાના થતા ચા/નાસ્તાના ભાવપત્રક પણ રજુ કરવાના રહેશે અને આવી વિગતો કેન્ટીનમાં કોઈ સુસ્પષ્ટ જગ્યાએ બોર્ડ પર પ્રદર્શિત કરવાની રહેશે. ઠેકેદાર/પરવાનેદારે, દરેક સમયે, કેન્ટીનમાં સ્વચ્છતા જાળવવાની રહેશે.
12. કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારક કેન્ટીનની જગ્યા અથવા તેના કોઈપણ ભાગનો કબજો અન્ય કોઈની તરફેણમાં પેટાભાડે આપી શકશે નહીં અને જગ્યાનો અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ કરવામાં આવશે નહી. ઠેકેદાર/પરવાનેદારે સંબંધિત કેન્ટીન સમિતિની પૂર્વ મંજુરી વિના કેન્ટીન પરિસરમાં કોઈ કાયમી માળખું ઊભું કરવું કે કોઈ ફેરફાર અથવા સુધારા વધારા કરવા કરાવવા નહિ.

13. લાઇસન્સધારક કેન્ટીનમાંથી, લાઇસન્સર દ્વારા પ્રદાન કરવામાં આવેલ કોઈપણ આર્ટિકલ અથવા ગોઠવણ દૂર કરી શકશે નહીં.

14. કેન્ટીન પરિસરની દૈનિક જાળવણી/સ્વચ્છતાની જવાબદારી કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારકે તેના/તેણીના/તેના પોતાના ખર્ચે કરવાની રહેશે.

15. કેન્ટીન પરિસરના વીજ વપરાશ શુલ્ક અને પાણીના શુલ્ક નિયમિતપણે ચૂકવવા માટે કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારકની જવાબદારી રહેશે. આવી ચૂકવણીની રસીદની ફોટોકોપી નિયમિતપણે નાઝીર શાખા, જિલ્લા અદાલત, નડિયાદમાં જમા કરાવવાની રહેશે.

16. નડીયાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા અન્ય સક્ષમ સત્તાધિકારી દ્વારા વસૂલવામાં આવેલ મિલકત વેરો અને/અથવા અન્ય કોઈપણ કર અને/અથવા કેન્ટીન પ્રિમાઈસીસના શુલ્ક કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારક દ્વારા ચૂકવવામાં આવશે અને ઉપરોક્ત વેરા/ચાર્જીસની ચૂકવણીની રસીદની ફોટોકોપી નાઝીર શાખા, જિલ્લા કોર્ટ, નડીયાદને જમા કરાવવાની રહેશે.

17. કોન્ટ્રાક્ટ આપ્યાની તારીખથી અને કેન્ટીન શરૂ કરતા પહેલા તરત જ કેન્ટીન ચલાવવા માટે કાયદા દ્વારા જરૂરી સંબંધિત સરકારી સત્તાધિકારીઓ પાસેથી જરૂરી કેન્ટીન ચલાવવા અંગે (ફુડ) લાયસન્સ મેળવવાની કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારકની જવાબદારી રહેશે. કેન્ટીનના કર્મચારીઓનું મહેનતાણું ભારતના પ્રવર્તમાન કાયદા મુજબ રહેશે. કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારક કેન્ટીનમાં બાળ મજૂરોને રોકશે નહીં અને સરકાર અને શ્રમિકોના તમામ નિયમો અને નિયમોનું પાલન કરશે.

18. કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારકે સમગ્ર કેન્ટીન પરિસરને એકદમ સુઘડ અને સ્વચ્છ રાખવું જોઈએ. તેણે/તેણીએ દરરોજ કોર્ટના કલાકો પહેલા અને પછી કચરાનો નિકાલ કરવો.

..4/-

19. કોઈ પણ વ્યક્તિ, જે ચેપી રોગથી પીડિત હોય,ગુનાહિત પૂર્વવર્તી હોય, તેને કેન્ટીનમાં કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારકે તેવા વ્યકિતને નોકરી પર રાખી શકાશે નહીં. કેન્ટીનના સ્ટાફ અને અન્ય કોઈપણ વ્યક્તિઓને કેન્ટીન પરિસરનો આરામ ખંડ અથવા રહેવાની જગ્યા તરીકે ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવશે નહી તેમજ કોર્ટ કમ્પાઉન્ડમાં પણ રહેવા અંગેની કોઈ પરવાનગી આપવામાં આવશે નહી.

20. કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારકે પોતાના ખર્ચે સારી ગુણવત્તાના વાસણો અને ક્રોકરી પ્રદાન કરવાની રહેશે અને તેને સ્વચ્છ અને આરોગ્યપ્રદ સ્થિતિમાં રાખવાના રહેશે. કેન્ટીનની આસપાસનો વિસ્તાર સ્વચ્છ રાખવો જોઈએ અને આ અંગેની કોઈપણ ફરિયાદ કેન્ટીન સમિતિને કોઈપણ સમયે, કોઈપણ સૂચના આપ્યા વિના, કરારને બંધ/સમાપ્ત કરવાની સત્તા રહેશે.

21. કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારકે તેમજ તેના સ્ટાફ સભ્યોનું વર્તન જિલ્લા કોર્ટના કર્મચારીઓ તેમજ કેન્ટીનની મુલાકાત લેતા વકીલો અને પક્ષકારો પ્રત્યે નમ્ર અને સહકારભર્યું હોવું જોઈશે.

22. કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારકે તેના સ્ટાફ સભ્યોને તેના પોતાના ખર્ચે ગણવેશ પૂરો પાડવાનો રહેશે.

23. કેન્ટીનનો સમય કોર્ટના ઓફિસ કામકાજના દિવસો દરમ્યાન સવારે 9:30 થી સાંજના 6:30 સુધીનો રહેશે. કેન્ટીન બીજા અને ચોથા શનિવાર, તમામ રવિવાર અને જાહેર રજાઓ દરમ્યાન બંધ રહેશે. મુખ્ય જીલ્લા ન્યાયાધીશ, નડિયાદનાઓ સંજોગોને આધિન કેન્ટીનના સમયમાં ફેરફાર કરવાનો અધિકાર અબાધિત રહેશે.

24. કેન્ટીન કમિટી દ્વારા અધિકૃત કોઈપણ અધિકારી કેન્ટીનનું સમયાંતરે નિરીક્ષણ કરશે, જેથી કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારક સંમત થયેલા નિયમો અને શરતોનું પાલન કરે છે કે કેમ તેની ખાતરી કરશે.

25. કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારક દ્વારા કુદરતી આફત અથવા અન્ય કોઈપણ કારણોસર અથવા તેના તરફથી અથવા તેના કર્મચારીઓની ખામી/બેદરકારીને લીધે થયેલા કોઈપણ નુકસાન માટે જિલ્લા ન્યાયાલય, નડિયાદ જવાબદાર રહેશે નહીં.
26. લાયસન્સધારક કાયદા દ્વારા પ્રતિબંધિત અને આરોગ્ય માટે હાનિકારક હોય તેવી કોઈપણ ચીજવસ્તુનો સંગ્રહ, વેચાણ અને તેની સાથે વ્યવહાર કે વેચાણ કરવાની મંજૂરી આપવામાં આવશે નહી જેવીકે, બીડી, સિગારેટ, ગુટખા તેમજ કેફી દ્રવ્યો/પદાર્થો વિગેરે....
27. લાયસન્સધારક કેન્ટીન પરિસરમાં કોઈપણ વિસ્ફોટક અથવા જોખમી વસ્તુઓનો સંગ્રહ કરી શકશે નહી.
28. લાયસન્સધારકે ખાસ નોંધ લેવાની કે અત્રે કોર્ટ બિલ્ડીંગમાં આવેલ કેન્ટીન અંદર ફાયર સેફ્ટી સિસ્ટમ/અગ્નિશામક ઉપકરણો પ્રસ્થાપિત છે જેની લાઈસન્સધારકે યોગ્ય જાળવણી કરવાની રહેશે તેમજ સમયાઅંતરે સાફસફાઈ અને ચકાસણી કરવાની રહેશે.
29. લાયસન્સધારકે પોતાના ખર્ચે કેન્ટીનની અંદર સીસીટીવી કેમેરા લગાવવાના રહેશે. લાયસન્સધારકે કેન્ટીન કમિટી, ડિસ્ટ્રિક્ટ કોર્ટ, નડિયાદને સીસીટીવી કેમેરાની સંખ્યા અને તેમના ઇન્સ્ટોલેશનના સ્થળો/પોઇન્ટ વિશે પણ જાણ કરવાની રહેશે. વધુમાં, મુખ્ય જીલ્લા ન્યાયાધીશ, નડિયાદનાઓ અને કેન્ટીન કમિટી, જીલ્લા ન્યાયાલય, નડિયાદની પૂર્વ પરવાનગી વિના કેન્ટીનમાં ટીવી, મ્યુઝિક સિસ્ટમ વિગેરે જેવી ઈલેક્ટ્રોનિક આઈટમ ઇન્સ્ટોલ કરી શકશે નહી.
30. કેન્ટીન માટે ખાદ્યપદાર્થો અથવા અન્ય કોઈપણ સામગ્રી/વસ્તુઓ સપ્લાય કરતા વાહનોને કોર્ટના કામકાજના કલાકો દરમ્યાન કોર્ટ સંકુલમાં ખાસ સંજોગો સિવાય પ્રવેશવાની પરવાનગી આપવામાં આવશે નહીં.
31. લાયસન્સધારકે લાયસન્સરને જો તે કરારની મુદત પૂરી થાય તે પહેલાં કોઈપણ સમયે કેન્ટીન પરિસર ખાલી કરવા માગે છે તો એક મહિના પહેલા નોટિસ આપવી

..6/-

પડશે. તેણે એક મહિનાની લાયસન્સ ફી (નોટિસ પીરિયડ) એડવાન્સમાં જમા કરાવવી પડશે અને કરારની સમાપ્તિની તારીખ પહેલાં સરેરાશ લાઇટ બિલ અને ટેક્સ બિલ પણ ચૂકવવું પડશે.

32. કરારની મુદત પૂરી થવા પર, કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારક કોઈપણ વિવાદ ઉઠાવ્યા વિના કેન્ટીનનો ખાલી અને શાંતિપૂર્ણ કબજો ડિસ્ટ્રિક્ટ કોર્ટને સોંપશે, જે નિષ્ફળ થાય તો, કેન્ટીન કમિટી કેન્ટીનનો કબજો લેવા માટે હકદાર રહેશે. કેન્ટીન પરિસરનો ખાલી અને શાંતિપૂર્ણ કબજો ડિસ્ટ્રિક્ટ કોર્ટને સોંપતા પહેલા કોન્ટ્રાક્ટર/પરવાનેદારે કેન્ટીન પરિસરમાં તેના/તેણી દ્વારા લાવવામાં આવેલ તમામ જંગમ વસ્તુઓને દૂર કરવી પડશે. આ કરારના આધારે કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારક દ્વારા કોઈપણ રીતે કોઈ અધિકારો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં કે તેનો દાવો કરી શકાશે નહીં.

33. કેન્ટીન પરિસરમાં અને કોર્ટ બિલ્ડીંગમાં કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારક અથવા તેના કર્મચારીઓની બેદરકારીને કારણે કોર્ટ દ્વારા પૂરા પાડવામાં આવેલ કોઈપણ ફર્નિચર, ગોઠવણ, ફિટિંગ વિગેરેને નુકસાન થવાના કિસ્સામાં, તેની કિંમત કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારક પાસેથી વસૂલવામાં આવશે અથવા સિક્યોરિટી ડિપોઝિટની રકમમાંથી બાદ કરવામાં આવશે તેમજ અત્રેની કચેરી ધ્વારા ફળવાયેલ લાઈટીંગ, પાણી અને ફર્નિચર (ખુરશી નંગ :80, ટેબલ નંગ:24)ની જાળવણી કરવાની રહેશે. તેમજ જો વધુ ફર્નિચર કે નવિન સુવીધા ઉભી કરવાની થતી હોય તો કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારકે પોતે ઉભી કરવાની રહેશે અને આ અંગે ઓફીસ/ નાઝીરશ્રીને અગાઉથી જાણ કરવાની રહેશે.

34. ઉપરોક્ત કોઈપણ નિયમો અને શરતોના ભંગના કિસ્સામાં અથવા નાદારી અથવા વીજળીના શુલ્ક અને અન્ય શુલ્ક/કરોની ચૂકવણી ન કરવાના કિસ્સામાં, આ કરાર તરત જ સમાપ્ત થઈ જશે અને કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારકે કેન્ટીન પરિસરનો ખાલી અને શાંતિપૂર્ણ કબજો કોઈપણ વિવાદ વિના, જિલ્લા અદાલત, નડીઆદને સોંપવાનો રહેશે.

...7/-

35. કેન્ટીનની જગ્યા ખાલી કરતા પહેલા કોર્ટના તમામ લેણાં કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારક દ્વારા ચૂકવવામાં આવશે. કરારનો મુસદ્દો તૈયાર કરવા માટેનો ખર્ચ, સ્ટેમ્પ ડ્યુટી વગેરે કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારક દ્વારા ઉઠાવવામાં આવશે.

36.કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારક સમયાંતરે લાગુ થતા તમામ પ્રવર્તમાન કાયદાઓ, સરકારી ઠરાવો, સૂચનાઓ અને પરિપત્રોનું પાલન કરશે અને તેના કોઈપણ ઉલ્લંઘન માટે, કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારક વ્યક્તિગત રીતે જવાબદાર રહેશે.

37. મુખ્ય જીલ્લા ન્યાયાધીશ, નડિયાદ અને કેન્ટીન કમિટી જરુરીયાત જણાશે તો કરારમાં કોઈપણ શરતો ઉમેરવા કે સુધારવા/રદ કરવા/ફેરફાર કરવા માટે સ્વતંત્ર રહેશે.

38. કેન્ટીન બાબતે કોઈપણ તકરાર ઉપસ્થિત થશે તો તેનુ ન્યાયક્ષેત્ર નડીઆદ તાલુકા ની હકુમત રહેશે અને તકરારનું નિવારણ લવાદ અધિનિયમ હેઠળ લાવવામાં આવશે.

39. સદર કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ધ્વારા વખતોવખત માર્ગદર્શિકામાં ફેરફાર કરવામાં આવે તો તે કોન્ટ્રાક્ટર/લાઈસન્સધારકને બંધનકર્તા રહેશે.